R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ
સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-26 • ISSUE: 32 DATE: 12-08-17• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## મુંબઇમાં મરાઠા આરક્ષણની માંગ માટે નવ લાખ મરાઠાઓનો મહાસાગર છલકાયો

છેલ્લા એકાદ વર્ષથી મરાઠા આરક્ષણ,એટ્રોસીટી કાયદામાં ફેરફાર, લોન માફી,ટેકાના ભાવ,કોપર્ડી બળાત્કાર જેવા ૧૫ મુદ્દાઓને લઈને મહારાષ્ટમાં ૫૭ મોરચા માઢનાર મરાઠાઓ ૫૮મો વિરાટ મુક મોરચો મુંબઈમાં કાઢ્યો હતો.લગભગ નવ લાખ જેટલા મરાઠાઓએ ભગવા ધ્વજ લહેરાવી મોરચામાં ભાગ લઈ જબરજસ્ત શક્તિ પ્રદર્શન કર્યુ હતું.ખાસ કરીને મધ્ય અને દક્ષિણ મુંબઈમાં જાણે ભગવા ફેટાધધારી મરાઠાઓનો મહાસાગર ઉમટી પડ્યો હોય તેમ લાગતું હતું.મરાઠાઓનો અભુતપુર્વ શક્તિપ્રદર્શન બાદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવીશે વિધાનસભામાં તેમની મુખ્ય માંગણીઓ સ્વીકરાવાની ખાત્રી આપતાં મરાઠાઓનું મુક મોરચા આંદોલન સમેટાયું હતું.

વિધાનસભામાં વિધાનસભ્યોએ પણ મરાઠાઓની માંગણીની બાબતે ભારે ધમાલ મચાવતાં ૪૫ મીનિટ સુધી ગૃહની કાર્યવાહી મોકુફ રાખવી પડી હતી.શાસક અને વિરોધ પક્ષના વિધાનસભ્યોએ મરાઠા આરક્ષણ માટે દેખાવો કર્યા હતા.પરંતુ મુખ્ય પ્રધાને મરાઠા શિષ્ટ મંડળની સાથે તમામ રાજકીય પક્ષોના નેતાઓ સાથે બેઠક યોજી તેમની સરકાર મરાઠાઓને આરક્ષણ આપવા માટે પ્રતિબધ્ધ હોવાની ખાતરી આપી હતી. તેમની રાજકીય કુનેહનો પરિચય આપ્યો હતો.રાજ્યભરમાંથી ઉમટેલાં નવ લાખ જેટલા મરાઠાઓનો આ મુક મોરચો બે કલાકમાં આઝાદ મેદાન પર પહોચ્યો હતો એ પછી મુખ્ય મંત્રી સાથે શિષ્ટ મંડળની બેઠક યોજાઈ હતી.

મરાઠાઓની મુક રેલીએ મુંબઈના ટ્રાફિકને જામ કરી દીધો હતો પરંતુ કોઈપણ પ્રકારની તકલીફો વગર મુક મોરચાએ શાંતિપુર્ણ રીતે પોતાની રેલી પુર્ણ કરતાં મુંબઈગરાઓને રાહત મળી હતી.

## ગુજરાતમાંથી રાજ્યસભામાં જવા માટે ઉમેદવારોની ચુંટણીમાં ભારે રસાકસી બાદ કોગ્રેસના અહેમદ પટેલ,ભાજપના અમિતભાઇ શાહ તથા સ્મૃતિ ઇરાની સફળ રહ્યા

ગુજરાત રાજ્યસભાની ચુટણીમાં ભાજપ અને કોગ્રેસ વચ્ચે પ્રતિષ્ઠાભર્યા જંગમાં ભાજપના અથાગ પ્રયાસ બાદ પણ કોગ્રેસના ઉમેદવાર અહેમદ પટેલનો વિજય થયો હતો.તેમને ૪૪ મત મળ્યા હતા.સચિવાલયમાં સ્વર્ણિમ સંકુલમાં અહેમદભાઇના વિજયની રાત્રે પોણા બે વાગ્યે જાહેરાત કરવામાં આવી હતી.જ્યારે ભાજપના પ્રમુખ અમિત શાહ પ્રથમ વાર રાજ્યસભામાં ચુંટાયા હતા અને ભાજપના સ્મૃતિ ઈરાની બીજી ટર્મ માટે ચુંટાયા હતા.જ્યારે ભાજપના સમર્થનથી કોગ્રેસમાંથી પક્ષાંતર કરેલા બળવંતસિંહ રાજપુતનો પરાજય થયો હતો.

દિવસભર ચાલેલા રસાકસીભર્યા મતદાન બાદ ઉભા થયેલા વિવાદ અને મતગણતરી શરુ થઈ ત્યાર બાદ બંધ થઈ અને ફરી શરુ થઈ તે પછી મોડી રાત્રે પરિણામ જાહેર કરવામાં આવ્યું.જો કે ભાજપના બે ઉમેદવારોની જીત પાકી હતી જ પરંતુ ભાજપે ત્રીજા ઉમેદવાર તરીકે ઉભા કરેલા બળવંતસિંહને જીતાડવા માટે અને અહેમદભાઈને હરાવવા માટે ભાજપ દ્વારા કરાયેલ વિવિધ વ્યવસ્થાઓ અને તરકીબો વ્યર્થ થઈ હતી.કોગ્રેસના ધારાસભ્યોને રાજીનામા અપાવવા અને ક્રોસ વોટિંગ કરાવવા માટેની રાજકીય સોગઠાબાજી નિષ્ફળ નીવડી હતી.આ બધાની પાછળ ભાજપના અને શંકરસિંહ વાધેલાએ ઉપયોગમાં લીધેલ રણનીતી ફાવી નહોતી.આ ચુંટણીમાં જેડીયુના ધારાસભ્ય છોટુ વસાવાએ પક્ષના વ્હીપથી વિરુધ્ધ મતદાન કર્યુ હોવાનું જાણવા મળ્યુ હતું તેમણે તેમનો મત અહેમદ પટેલને આપ્યો હતો. પરિણામે તેમને પક્ષની જવાબદારીમાંથી મુક્તિ આપવામાં આવી હતી.

રાજ્યસભાની ચુંટણીમાં ભાજપ દ્વારા કોગ્રેસના ધારાસભ્યો દ્વારા ક્રોસ વોટિંગનો સૌથી મોટો મદાર રખાતો હતો તેવા બે બળવાખોર ધારાસભ્યો રાઘવજી પટેલ્ ને ભોળાભાઈ ગોહિલના મત રદ કરવાનો વાંધો કોગ્રેસે માન્ય ઠેરવતાં ભાજપને મત ગણતરી પુર્વ જ ફટકો પડ્યો હતો.ભાજપ દ્વારા પંચના નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરીને તેને સુપ્રીક કોર્ટમાં પડકારવાની જાહેરાત કરવામાં આવી હતી.

## ગુજરાત વિધાનસભાની ચુંટણીઓમાં વીવીપીએટી મશીનથી ચુંટણીઓ યોજવા ચુંટણી પંચની સુપ્રીમને ખાતરી

ચુંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં કહ્યુ હતું કે જો સપ્ટે.સુધીમાં વીવીપીએટી સાથેના૭૩૫૦૦ મશીન તેને મળી જશે તો ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ તે મશીન વાપરશે.ચુંટણી પંચે ભાર પુર્વક કહ્યુ હતું કે ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન સાથે ચેડા શકય નથી.પંચે કહ્યુ હતું કે આ વર્ષે યોજાનારી ગુજરાત વિધાનસભાની ચુંટણી માટે૭૦હજાર જેટલા વોટર વેરીફાઈડ પેપર ઓડીટ ટ્રેલ યુનિટની જરુર પડશે. આ મશીનમાં મતદારનો મત ક્યા પક્ષને મળ્યો તેન રિસીપ્ટ મળશે.પંચે કહ્યુ ભારત ઈલેક્ટ્રોનિક્સ લી. અને ઈલેક્ટ્રોનિક્સ કોરપ. ઓફ ઈન્ડીયા લી.૩૧ ઓગષ્ટ સુધીમાં ૪૮૦૦૦ જેટલા વીવીપીએટી સાથેના મશીન ઉપલબ્ધ કરાવી દેશે તેવી ધારણા છે.બીજા ૨૫૫૦૦ યુનીટ સપ્ટે. સુધીમાં મળી જશે.

## ખરેખર આપણે ખરેખર યુધ્ધ માટે તૈયાર છીએ કે પછી આપણે ચીનને યુધ્ધ માટે ઉકસાવી રહ્યા છીએ

છેલ્લા દોઢેક મહિનાથી ચીનની સરહદ પર યુધ્ધનો માહોલ ઉભો થઈ રહ્યો છે. બેઉ બાજુથી હાકલા પડકારા થયા કરે છે પરંતુ હજુ સુધી તેનો કોઈ નીવેડો દેખાતો નથી.તાજેતરમાં ચીની સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સના સંપાદકે મેસેજથી ચેતવણી આપી છે અને કહ્યુ છે કે ભારત સૌથી ખરાબ સમયની તૈયારી કરી રહ્યું છે. સુરક્ષા એજન્સીઓ વડાપ્રધાન મોદીને હકીકત જણાવતી નથી અને અંધારામાં રાખી રહી છે. ગ્લોબલ ટાઈમ્સના સંપાદક હું જિજિને તેમના વીડીયો મેસેજમાં ૧૯૬૨ના યુધ્ધનો ઉલ્લેખ કરીને લખ્યું છે કે નહેરુએ ૧૯૬૨માં જે ભુલ કરી હતી તે ભુલ ભારત આજે ફરી કરી રહ્યું છે.ચીને પહેલી વાર વડાપ્રધાન મોદીના નામાજોગ ધમકી આપી છે અને કહ્યુ છે કે ભારતની સુરક્ષા એજન્સીઓ તેમની ક્ષમતા અંગે મોદીને અંધારામાં રાખી રહી છે.

તેમણે કહયુ હતું કે ભારત તેના સૌથી ખરાબ સમયની તૈયારી કરવાને બદલે તેના નાગરિકોને સારા પરિણામની આશા રાખવાની સલાહ આપી રહ્યું છે.શુ ભ ારત સરકાર એવી ચર્જની જેવી છે જે પ્રાર્થનાની આગેવાની કરી રહ્યું છે તેવો સવાલ તેમણે કર્યો હતો. તેમણે સ્પષ્ટ કહ્યુ છે કે જો ભારત ચીનની ચેતવણીને અવગણશે તો યુધ્ધ થઈને જ ર હેશે. જો ભારતીય સુરક્ષા એજન્સીઓ મોદીને ઉશ્કેરતી રહેશે તો યુધ્ધ ટાળવું મુશ્કેલ થઈ જશે.તેનો મતલબ એ થયો કે ભારત એટલું સાહસિક બની ગયું છે કે તે ચીનની ચેતવણીને ગણકારતું નથી.નહેરુએ ૧૯૬૨માં આવું જ વિચાર્યુ હતુ કે ચીન હુમલો નહીં કરે. આજે ભારત ફરીથી એ ભુલ કરી રહ્યું છે.ઉલ્લેખનીય છે કે ભારત,ચીન,ભુતાનની સરહદ મળે છે ત્યાં દોકલામ ખાતે ભારત અને ચીનના સૈનિકો અનેક દિવસોથી સામ સામે આવી ગયા છે.અને ઘર્ષણ વધી ગવું છે.ચીનનો દાવો છે કે ભારતીય સૈનિકો તેની ભુમિમાં ઘુસી ગયા છે.અને તેમણે પાછા જવું જોઈએ.ભારતે ચીનનો આ દાવો ફગાવ્યો છે. અને ચીને ભારતમા ઘુસણખોરી કરી રહ્યું હોવાનો દાવો કર્યો છે.

દોકલામ મામલે ચીને વધુ એક ચોકાવનારો દાવો કર્યો છે. તેના એક સિનિયર અધિકારીએ કહયુ છે કે ભુટાને કબુલી લીધું છે કે ભ ારત અને ચીનના સૈનિકો જે વિસ્તારમાં ઘર્ષણ છે તે વિસ્તાર તેનો નથી.સરહદી વિસ્તાર માટેના વિવાદ અંગે ચીનના ટોચના રાજદુત વાંગ વેનલીએ ચીનની મુલાકાતે ગયેલા ભારતીય મીડીયા પ્રતિનિધિમંડળને જણાવ્યુ હતું કે ભુતાને રાજદ્વારી ચેનલો થકી બેઈજીંગને માહિતી આપી છે કે વિવાદીત વિસ્તાર તેનો નથી. જો કે તેમણે આ દાવા માટે કોઈ પુરાવો આપ્યો ન હતો.જાણવાની વાત એ છે કે ચીને ભુતાનના અત્યાર સુધીના દાવા અને નિવેદનોથી સાવ અલગ વાત કરીને વિશ્વને ભરમાવવાની વાત કરી છે.અગાઉ ભુતાને ચીની સરકાર સામે વિરોધ નોધાવ્યો હતો અને ૧૬ જુને ચીની સૈનિકોએ દોકલામમાં રોડ બાંધવાનો પ્રયાસ કર્યો ત્યારે તેની સામે દ્વીપક્ષીય સંધિના ભંગનો પણ આક્ષેપ કર્યો હતો.જો કે વાંગે કહ્યુ હતું કે આ ઘટના બાદ ભુતાને સ્પષ્ટ કર્યુ હતું કે જ્યાં ઘુસણખોરી થઈ છે તે વિસ્તાર અમારો નથી.

હવે આ સરહદી મામલે દેશની ટોચની એજન્સીના વડા દોભાલ ની ચીનની મુલાકાત અસફળ રહી છે અને વાટાઘાટો નિષ્ફળ ગઈ છે તેવા અહેવાલો તો આવી ગયા છે.જો કે સમયસર શાંતિ વાર્તાઓ નહીં યોજાય તો યુધ્ધ થવાની સંભાવના વધી જાય તેમ છે.બેઉ દેશોના ભડકાઉ બયાનો યુધ્ધ પહેલાની તૈયારી સુચવે છે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

ભારે રસાકસી બાદ ગુજરાતની રાજ્યસભાના ત્રણ સભ્યોની ચુંટણી પતી.સહુ પ્રથમ વાર રાજ્યસભાની ચુંટણીમાં આટલા બધા કાવાદાવાઓ થયા તે ગુજરાતની જનતાએ જોયા. પોતાના ચુંટેલા પ્રતિનિધિઓ અને પક્ષો કેવી જાતની રીત રસમો અપનાવે છે તેનો ચિતાર પ્રજા સમક્ષ દેખાયો.કોગ્રેસે પોતાની શાખ અકબંધ રાખવા માટે તેના સભ્યોને અન્યત્ર રાજ્યોમાં ખસેડવા પડયા.ખેર લોકશાહીની આથી વધુ ક્રુર મજાક બીજી શી હોઈ શકે.સત્તા ઉપર બેઠેલા લોકોએ એ કેવી રીતો અને તરકીબો અજમાવી પરંતુ આખરે તેમનું ધાર્યુ થયું નહી.

છેવટે પરિણામો જાહેર થયા અને તેમાં ભાજપના બે અને કોગ્રેસના મહારથી જેને હરાવવા માટે ભાજપના સત્તા પર બેઠલા લોકો અને તેમના સેવકોએ જે મહેનત કરી તે કાબિલે તારીફ હતી.ખેર,કોગ્રેસે કદાચ આવી રીત રસમો અપનાવી નહીં હોય પરંતુ આયારામ ગયારામની પધ્ધતિએ લોકશાહી સાથે ક્રુર મજાક કરી છે.તેના માટે ખાસ પ્રકારના કાયદાઓ હોવા જરુરી છે. પ્રજાએ જે મેન્ડેટ આપ્યો હોય તેનાથી વિરુધ્ધ જનારા પ્રતિનિધિએ ખરેખર રાજીનામુ આપીને જ પક્ષ બદલી શકાય કે પોતાનો મત બદલી શકે તેવી કડક જોગવાઈઓની જરુરીયાત છે.

સાંસદોની ગેરહાજરી અંગે કરવામાં આવેલી કડકાઈથી સાંસદોએ ફરજીયાત પણે સંસદમાં હાજર રહેવું પડશે અને તેથી સંસદની કાર્યવાહી સુપેરે ચલાવવાની જે જરુરીયાત છે તે પુર્ણ કરી શકાય. તેમજ સરકારી કામકાજોમાં વિરોધ પક્ષો પોતાના સુધારાઓને પસાર કરી ના જાય તે ખાસ છે.

## મંતવ્ય

રાજ્યસભાની ચુંટણીમાં લોકશાહી પ્રક્રિયાના લીરે લીરા ઉડી ગયા.જો કે કોગ્રેસના અહેમદ પટેલની રાજકીય કારકીર્દી કલંક રહિત રહી છે. ગુજરાતના હિતમાં તેમણે કેન્દ્ર સરકારમાં અસરકારક રજુઆતો કરીને કામો કરાવ્યા છે.તેમજ કોગ્રેસમાં ઉચ્ચ નેતાગીરીની હરોળ રહ્યા છે. કોગ્રેસની ઉચ્ચનેતાગીરીને તેમની કાર્યશૈલીની પસંદ હોવાથી ફરીથી તેમને રાજ્યસભાની ઉમેદવારી માટે પસંદ કરવામાં આવ્યા હતા. પરંતુ ભારતીય જનતા પાર્ટી જ્યારથી સત્તા પરથી આવી છે ત્યારથી કોગ્રેસના નેતાઓને વીણી વીણીને સાફ કરી નાંખી વિરોધ પક્ષ તરીકે કોગ્રેસ પાર્ટીને નાબુદ કરવાનો તેમનો સંકલ્પ વધુ પડતો દેખાઈ રહ્યો છે.અહેમદ પટેલને હરાવવા માટે તેમણે તર્કબધ્ધ કરેલી તરકીબો ભલે ફળી ના હોય પરંતુ પ્રજાના ધ્યાનમાં બધી બાબતો આવી ગઈ છે કે સત્તાની ભુખ કેવા કાવાદાવા રમવા માટે હોય છે તેની જાણકારી મળી છે. ખેર તંદુરસ્ત લોકશાહીની આ રીત નથી. પરંતુ હવે પ્રજાએ આ રીતોથી ટેવાઈ જવુંપડશે.

મહેશભાઈ કે.પરમાર


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# અપેક્ષા રાખીએ તો દુઃખી થવું પડે ને ?

આપણા જીવનમાં ઘણાખરા પ્રશ્નો આપણે સ્વંય સર્જેલા હોય છે.દુ:ખી દેખાતા માણસના દુ:ખનું કારણ તપાસવાથી ત્રણ અક્ષરનો એક શબ્દ તમારા હાથમાં આવશે ,અપેક્ષા. માણસ જીંદગીભર અપેક્ષાઓ વચ્ચે જીવે છે. એક યુની.ના કુલપતિને એમના નિકટતમ મિત્રએ પુછ્યુ , યાર આજકાલ તારા ચહેરા પર વ્યગ્રતાના ભાવો કેમ વર્તાય છે ? તું દુ:ખી કેમ છે ? સાહેબનો ઉત્તર સાંભળો : હવે મારી ટર્મ પુરી થવાની. બીજું સત્ર મળે તે માટે ભરપુર કોશિશ કરુ છું.બધાને ખુશ રાખું છું. સૌના ચરણસ્પર્શ કરી ચુક્યો છું. પરંતુ મારુ સમ્રાટપદ લંબાય એવા કોઈ એંધાણ વર્તાતા નથી.અમેરિકાનો પ્રેસિડેન્ટ પોતાની ટર્મ પુરી થાય એટલે ફરીથી યુની.માં પ્રોફેસર બની જશે. ભારતના કુલપતિને રજવાડું છોડ્યા પથી પોતાની કોલેજમાં પ્રોફેસર તરીકે પુન : જોડાવવાનું મંજુર નથી. જીંદગી પોતાની રીતે વહેતી રહે છે.આપણને શુ મળશે અને શું નહી મળે એ નક્કી કરનારા પરિબળો અનેક છે.કર્મ કર્યા પછી ફળની અપેક્ષા ન રાખવાની સલાહ ભગવદ ગીતામાંથી આપણને મળેલી છે.છતાં પ્રત્યેક માણસ જાણ્યે-અજાણ્યે અપેક્ષાઓ રાખીને દુ:ખી થતો રહે છે. અમેરિકામાં નુતન વર્ષની સાંજે મંદિરમાં દર્શન કર્યા પછી એક વરિષ્ઠ નાગરિકે મને જયશ્રી કૃષ્ણ કહીને પોતાની વેદના ઠાલવવાનું શરુ કર્યું.ત્રણ મહિનાના પરિચય પછી અમારી વચ્ચે થોડીક આત્મીયતા બંધાઈ હતી. એટલે મારી સમક્ષ હૈયું ખોલવામાં એમને સંકોચ નહોતો થયો.એમણે કહ્યું : સાહેબ, જમાનો બદલાઈ ગયો છે. માણસોમાં નમ્રતા,વિવેક,શિષ્ટાચાર જેવું કંઈ રહ્યું નથી.મારો દિકરો પત્ની અને બાળકો સાથે અમદાવાદમાં રહે છે.નુતનવર્ષનો પહેલો દિવસ પુરો થઈ ગયો છતાં જયશ્રીકૃષ્ણ કહેવા પુરતો કે આર્શીવાદ માંગવા માટે એનો ફોન ન આવ્યો. મે એમને એકજ વાત કરી, અપેક્ષા રાખો તો દુ:ખી થવું પડેને ? એમનો કે પુત્રવધુનો તમારા આર્શીવાદની જરુર નથી એમ સમજીને વાતને ભુલી જાઓ.હ્રદયની ઉદારતા દાખવીને તમે સામેથી ફોન કરીને શુભેચ્છાઓ પાઠવો તો સારુ લાગશે.

અપેક્ષા ન સંતોષાવાથી દુ:ખી રહેનારાઓની લાંબી યાદી છે.કોની કોની વાતો કરુ ?શાળા પ્રશાસનના કક્કો બારાખડી જેમને નથી આવડતા એવા એક મહિલા આચાર્ય શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવવા પાંચ વર્ષથી પોતાની ફાઈલ મુકતા હતા. અને અપેક્ષા ન સંતોષાવાથી દુ:ખી થતા હતા. છેવટે એમના સંપર્કો કામ કરી ગયા એમનો એવોર્ડ મળી ગયો.અખબારમાં ફોટો છપાઈ ગયો. ઘર ભરાઈ જાય એટલા પુષ્પગુચ્છો ઉઘરાવી લીધા. હું ઈન્ડીયા આવ્યો પછી નુતન વર્ષ નિમિત્તે મળવા આવ્યા તો દુ:ખી હતા. મે વિવેકપુર્ણ પુછી લીધું, બહેન વિષાદયોગ ચાલે છે ?શું કારણ છે ? એમનો ઉત્તર સાંભળો : મે રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મુકવા માટે ફાઈલ મુકી હતી. લાગવગથી એ એવોર્ડ બીજાને મળી ગયો.... આપણને દુ:ખ તો થાય ને..સાહેબ. એક કૌભાંડીશાસ્ત્રી બી.એડ. સ્વનિર્ભર કોલેજના લાચાર, પુરતો પગાર ન મળવાથી ભુખે મરી રહેલા આચાર્યને કહેતા સંભળાયા : આ વર્ષે પણ તમે મને કોલેજમાં વ્યાખ્યાન આપવા ન બોલાવ્યો. હું ખુબ દુ:ખી છું અને તમારાથી નારાજ છું.

અપેક્ષા રાખનાર માણસોએ ઈતિહાસમાંથી બોધ ગ્રહણ કરવાની જરુર છે.મશહુર ફિલ્મ કલાકારો રાજેશ ખન્ના અને દેવાનંદ એક જ કારણથી દુ:ખી રહેતા અને એમના અંતિમ વર્ષો ખુબ પીડાજનક રહ્યા.એમની અપેક્ષા શી હતી ? અમારો સુર્ય મધ્યાહ્નને તપતો હતો ત્યારે સિનેરસીકો અમારી પાછળ પાગલ હતા.અમે ઉડત પક્ષીઓને અમારી નજરના એક ઈશારે અમારા ચરણોમાં હાજર કરી દેતા હતા.ક્યાં વહી ગયા એ દિવસો ? વિતેલા વર્ષોને ફરીથી જીવવાની એમની અપેક્ષાઓએ એમને શાંતિથી મરવા યે ન દીધા.

માણસ જ્યારે અપેક્ષાઓ રચે છે ત્યારે જીવનમાં દંભ પ્રવેશે છે.અપેક્ષા સંતોષાય તે માટેના પેતરા રચાય છે.નોકરી મેળવવા માટે, બઢતી પામવા માટે,રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રથમ આવવા માટે,યુની. પરિક્ષામાં ગોલ્ડ મેડલ મેળવવા માટે, કે ડોકટરેટ ડીગ્રી ધારણ કરવા માટે માણસ બધું જ સર્મપિત કરવા તૈયાર થઈ જાય છે.આખેઆખો માણસ જીવતો વેચાઈ જાય છે.કારણકે અપેક્ષાઓને સંતોષવાની છે. એક પ્રોફેસર યુની.માંથી નિવૃતથયા તેના ત્રણ વર્ષ પુર્વે એક અપેક્ષા રચીને બેઠા હતા. કોઈ લેભાગુ સંસ્થામાં નિયામક બનીને બેસી જવું.પછી તો સ્વનિર્ભર સંસ્થાના માલિકની કદમબોશી શરુ થઈ.સાહેબ, આપ તો વિદ્યા જગતના ભગવાન છો. દેવતા છો.પુણ્યશાળી જીંદગી બનાવી રહ્યા છો.અધ્યાપકોના અન્નદાતા છો(પંદર હજાર આપીને પીસ્તાલીસ હજાર પર સહી લેનારા તો અન્નદાતા જ કહેવાય ને )સર, આ નાચીઝ બંદાનું પણ ધ્યાન રાખજો.અમારા પર રહેમનજર રાખજો.પ્રભુ, પ્રિય વાચકમિત્રો, સહેજ પણ અતિશયોક્તિ વગરની આ સત્ય ઘટનાઓ છે.જ્યારે આપણી અપેક્ષાઓ આપણી યોગ્યતા સાથે, આપણી પાત્રતા સાથે સુસંગત ન હોય ત્યારે અપેક્ષા પુર્ણ કરવા જાતને વેચી દેવી પડે છે.પરિણામ, અપેક્ષા સંતોષાય પછી પણ કાયમ દુ:ખી રહેવાનું. અપેક્ષાઓ રચવાનો અર્થ જ એ છે કે તેને પુર્ણ કરનાર વ્યક્તિની શરણાગતિ સ્વીકારવી, તેમને તાબે થવું અને તેમને ખુશ રાખવા.ફિલ્મમાં રોલ મેળવવાની અપેક્ષા, ધારાસભા કે સંસદની ટીકીટ મેળવવાની અપેક્ષા, વડાપ્રધાન બનાવાની અપેક્ષા, આ બધી અપેક્ષાઓ માણસને કેટલી હદે સમાધાનો કરવા મજબુર કરે છે.આપણા સૌના અનુભવનો અને અવલોકનનો વિષય છે.

અપેક્ષાઓ રચીને દુ:ખી થવાથી બચવાનો એક જ ઉપાય છે . જે પ્રાપ્ત કરવાની અને જેને પ્રાપ્ત કરવાની આપણાંમાં કાબેલિયત છે એ પ્રાપ્ત થાય તે માટે ઈમાનદારી પુર્વક પુરી નિષ્ઠાથી પ્રયત્નો કરવા. દંભ આચરીને કે કુપાત્રોની ખુશામદ કરીને કંઈ જ મેળવવાની અપેક્ષા ન રાખવી. જો અપેક્ષાઓ આપણી ક્ષમતાઓને સુસંગત હશે તો આપમેળે ફળિભુત થશે. આપણે તેને સેવવાની જરુર નથી.

લેખક : વિશ્વામિત્ર (સૌ.સંદેશ)


## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# પારદર્શક, સંવેદનશીલ, નિર્ણાયક, પ્રગતિશીલ સરકાર

## સેવાભાવથી સમર્પિત મુખ્યમંત્રીશ્રી વિજય રુપાણીના નેતૃત્વમાં
## ઇમાનદારી અને ત્વરીત નિર્ણાયકતાનું
## સંવેદનાસભર સરકારનું એક વર્ષ
## ગુજરાતની જનતાના ચરણોમાં સમર્પિત
## ૩૬૫ દિવસમાં પોણા પાંચસોથી વધુ નિર્ણયો
## ગુજરાત ON FAST TRACK

### આ રહી તેની આછેરી ઝલક

ગુજરાતમાં ગૌવંશ હત્યાને રોકવા કડક કાયદાનો અમલ
હુક્કાબાર પર પ્રતિબંધ અને દારુબંધીના ચુસ્ત અમલ માટે સપ્લાઇભર્યા પગલાં
શિક્ષણ ફી નિયમન માટે કડક જોગવાઇ
વનબંધુંઓના સશક્તિકરણ માટે પેસા એક્ટની જોગવાઇઓનો સઘન અમલ
સુચિત સોસાયટીઓના ભોગવટાને કાયદેસરતાનો નિર્ણય
નબળા વર્ગના ૩૫ લાખ પરિવારોને લાભ
૭૨ હજારથી વધુ યુવાઓને મળી સરકારી નોકરી અને ૧૦ લાખથી વધુ યુવાનોને પ્રાઇવેટ સેકટરમાં નોકરી.
૧,૨૫,૦૦૦થી વધુ પેન્ડીંગ કૃષિ વીજજોડાણ પુરા કરવાનો નિર્ધાર
ટેકાના ભાવ આપી રુ.૧૬૦૦ કરોડની તુવેર અને મગફળીની કરી ખરીદી
ખેડુતોને બટાટા, ટામેટાં, ડુંગળીના પોષણક્ષમ ભાવો અને ટ્રાન્સપોર્ટેશનના ખર્ચમાં રાહત
૩.૫૦ લાખથી વધુ યુવાઓને રુ.૧૦૦૦ની ટોકન કિંમતે નવું ટેબલેટ
નવી ૭ મેડીકલ કોલેજોની સ્થાપના :
વધુને વધુ સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરોની સેવાઓ માટે નવી આરોગ્ય નીતિ

આપણી સરકાર યુવાઓની છે ... આપણી સરકાર ખેડુતોની છે...
આપણી સરકાર ગરીબોની છે... આપણી સરકાર વંચિતોની છે..
આપમી સરકાર પીડીતોની છે....આપમી સરકાર ગામડાઓની છે...
આપણી સરકાર આપ સૌની છે.....

**" ગુજરાતના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબધ્ધ"**

**શ્રી નીતિનભાઇ પટે, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

# ભારત-ચીન વચ્ચેની સૈન્ય ઊભી થયેલ અથડામણ સ્થિતિમાં અમેરિકી સામાયિકે ભારતની તરફેણ કરતાં ચીની મીડીયા લાલઘુમ

ભારત-ચીન વચ્ચેની પ્રવર્તમાન સ્થિતિમાં ઉભી થયેલી લશ્કરી સ્થિતિ બાબતે એક અમેરિકી અખબારના કોલમમાં ભારતની તરફદારી કરાતાં ચીની સરકાર સમર્થિત મીડીયા દ્વિધામાં મુકાઇ ગયું હતુ. આ સંજોગોમાં ચીની મીડીયાએ અમેરીકા પર જ આક્ષેપો કરી દીધા છે કે તે ભારત અને ચીન વચ્ચેની સૈન્ય અથડામણ માટે ધી હોમી રહ્યો છે.

વોશિગ્ટન એક્ઝામિનરે ડોકા લા સરહદે પડેલી મડાગાંઠના કિસ્સામાં ટ્રમ્પે ચીન સામે ભારતને સમર્થન આપવુ જોઈએ એ મુજબના મથાળે લેખ પ્રગટ કર્યો હતો. અમેરીકી પ્રકાશનામાં કહેવામાં આવ્યું હતું કે ચીનની વધી રહેલી આક્રમક્તાનો સામનો કરવા માટે બંને દેશોની સહભાગી બની રહેવાની ક્ષમતા અને સબંધોનું મોટું મુલ્ય છે.

અમેરિકી પ્રકાશનના આ સંકેતો ગ્લોબલ ટાઈમ્સને હજમ ના થયા. વળતો જવાબ આપતાં ગ્લોબલ ટાઈમ્સે કહી દીધું કે તંગદીલી જ્યાં પણ વધે, અમેરીકા ત્યાં પહોચી જાય છે. સમસ્યાના નિરાકરણ માટે પક્ષપાતહીન વલણ તેણે ક્યારેય લીધું જ નથી.અમેરિકી પ્રકાશનમાં પ્રકાશિત લેખની નોંધ લેતા ગ્લોબલ ટાઈમ્સે કહ્યું છે કે લેખમાં ચીન જાણે જોખમી દેશ હોય અને અમેરીકા-ભારત વચ્ચેના સબંધ ખુબ કિમતી હોય તેવી વાત કરવામાં આવી છે.પ્રકાશનનો આ લેખ અમેરિકાના પક્ષપાતભર્યા વલણોનું પ્રતિનિધિત્વ કરે છે. આવું પક્ષપાતભર્યુ વલણ જ યુધ્ધ તરફ દોરી જતું હોય છે.ચીની અખબારે જણાવ્યુ હતું કે વોશીગ્ટન ભારત પ્રતિ જરા પક્ષપાતભર્યુ વલણ અપનાવી રહ્યું છે. ચીનની તરફ વોશીગ્ટનનું ધ્યાન ઓછું છે.

જો કે ડોકા લા મડાગાંઠ બાબતે ચીનો કહ્યુ છે કે ભારતીય સેના બિનશરતી ધોરણે હટે પછી વાતચીત કરાશે.બેઈજીંગ બ્રિકસ દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બેઠકમાં ભાગ લેવા માટે ભારતના એનએસએ અજિત ડોભાલ પહોચે તે પહેલાં જ જીને કહયું છે કે ભારત ડોકા લા વિસ્તારમાંથી પોતાની સેના પાછી ખેચે તે જ વાટાઘાટોની પુર્વશરત છે. વિદેશ પ્રવકતા લુ કાંગે જણાવ્યુ કે વિદેશપ્રધાન વાંગ યીએ આપેલી ટીપ્પણી સત્તાવાર હતી.જો હજુ સુધી અજીત ડોભાલની ચીની સત્તાવાળાઓ સાથેની ચર્ચા વિચારણા ક્યાં સુધી પહોચી કે તેનો ઉકેલ શું આવ્યો તે બહાર આવ્યું નથી.પરંતુ હાલમાં ભારત અને ચીનના સબંધોમાં તિરાડ ઉભી થયેલી છે.

ચીની સરકારના સરહદી બાબતના સલાહકાર તેમજ સ્ટેટ કાઉન્સેલર વાંગ જેચી સાથે અજીત ડોભાલની મુલાકાત યોજાઈ હતી.બ્રાઝિલ,રશિયા અને દક્ષિણ આફ્રિકા સહિતના બ્રિક્સના નેતાઓ ઉપરાંત શીને અજિત ડોભાલ મળવાના હતા.ડોભાલની ચીનની મુલાકાત દરમિયાન તેઓ ચીની પ્રમુખ શી જિનપીંગ તથા અન્ય ચીની નેતાઓ સાથે મુલાકાત પણ કરવાના હતા. ચીનની સત્તાવાર સમાચાર સંસ્થા ઝિન્હુઆએ વડાપ્રધાન મોદીના વખાણ કરતાં આશ્ચર્ય થયું હતું. તેમણે ભારતીય અર્થતંત્રના વખાણ કરવા સાથે બંને દેશો વચ્ચેના વ્યાપારિક સબંધોની જરુરીયાત પર ભાર મુક્યો હતો.ચીન માટે ભારત વ્યાપાર માટે મહત્વનું બજાર છે. તેને કારણે યુધ્ધ જેવા લશ્કરી પગલાં નિવારી શકાય એ માટેની સંભાવના ચીની નેતાગીરી તલાસી રહ્યાના સંકેતો મળે છે.યુધ્ધ ભારત કે ચીન બેઉને પોષાય તેમ નથી. પંરતુ બેઉ પક્ષો પોતાની બાબતે અડગ છે.ચીની વિદેશી મંત્રાલયે ભારત અંગે આક્રમક વલણ અખત્યાર કરતાં સરહદી વિવાદ વધુ વકરે તેવા સંકેતો મળ્યા હતા.જો ચીની વિદેશ મંત્રી વાંગ યીને ટાંકીને પ્રવક્તાએ ભારતીય દળો ડોકા લા ખાતેથી ખસેડાય એ પછી જ અર્થપુર્ણ મંત્રણાઓ થઈ શકે તેવી વાત કહી હત.ચીનનું ડોભાલની મુલાકાત પહેલાં વલણ બદલાયું છે.જે સમાધાન માટેના સંકેતો આપે છે.ચીન બંને દેશો વચ્ચે પહેલી ઓગષ્ટે ચીનના પીપલ્સ આર્મી લીબરેશનની ૯૦મી જયંતિએ સંઘર્ષ ના થાય તેથી સમાધાનકારી વલણ અપનાવવા માંગે છે.

# દહેજ વિરોધી કેસોમાં સાસરીયાની તાત્કાલિક ધરપકડ નહી કરવા સુપ્રીમ કોર્ટનો આદેશ

સુપ્રીમ કોર્ટે દહેજ વિરોધી કેસો માટે આદેશ જારી કરતાં હવે સાસરીયાઓ સામે થતાં કેસોમાં તાત્કાલિક ધરપકડ નહી થાય.દહેજ વિરોધી કાયદાનો કન્યાપક્ષ દ્વારા પતિ અને સાસરીયાને હેરાન કરવા થતાં દુરપયોગ સામે લાલ આંખ કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે નિર્દોષના માનવ અધિકારનું ઉલ્લંઘન થવું જોઈએ નહીં.આરોપોની ચકાસણી કર્યા વિના પતિ અને સાસરીયાની ધરપકડ ન કરાય.

સુપ્રીમ કોર્ટે આઈપીસીની ધારા ૪૯૮ એ અંતગર્ત નોંધાતી ફરિયાદોના સંદર્ભમાં શ્રેણીબધ્ધ નિર્દેશો આપતાં દેશના દરેક જિલ્લામાં પરિવાર કલ્યાણ સમિતિની રચના કરવાના આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે આ પ્રકારની ઘણી ફરિયાદોમાં આરોપો સાચા હોતા નથી.પતિ અને સાસરિયાની ધરપકડને કારણે સમાધાનના માર્ગ બંધ થઈ જાય છે.આ પ્રકારની ફરિયાદોથ ન કેવળ આરોપીઓની પરંતુ ફરિયાદીને પણ હેરાન થવું પડે છે.

ન્યાયાધીશો આર્દશ ગોયેલ અને યુ.યુ.લલિતની બેન્ચે જણાવ્યુ હતું કે ડિસ્ટીક લીગલ સર્વિસીઝ ઓથોરીટી દ્વારા દરેક જિલ્લામાં એક અથવા તો વધુ પરિવાર કલ્યાણ સમિતિની રચના કરાય.આઈપીસીની ધારા ૪૯૮એ અંતગર્ત પોલીસ અથવા મેજીસ્ટ્રેટ દ્વારા નોધાતી દરેક ફરિયાદને ચકાસણી માટે આ સમિતિને મોકલી આપવામાં આવે. પરિવાર કલ્યાણ સમિતિમાં ૩ સભ્યો હોવા જરુરી છે. વર્ષમાં ઓછામાં ઓછુ એક વાર જે તે જિલ્લા ન્યાયાધીશ દ્વારા સમિતિની સમીક્ષા કરાય.સમિતિમાં પેરા લીગલ વોલિન્ટિયર્સ,સામાજિક કાર્યકર્તા, અધિકારીઓની પત્નીઓ અને યોગ્ય લાગે તેવી વ્યક્તિની નિયુક્તિ કરી શકાશે.સુપ્રીમ કોર્ટના નિર્દેશો બાદ પત્ની દ્વારા પતિ અને સાસરીયાઓને ઉપર બદલો લેવા માટેની પ્રવૃતિ ઉપર રોક લાગશે.અને તેના કારણે ખોટા દંડાતા સાસુ સસરા કે અન્યોને તકલીફોમાંથી છુટકારો મળી શકશે.

# આરટીઓ કરેલા ફેરફાર મુજબ ડ્રાઇવિંગ લાયસન્સ હવે એક વર્ષ એડવાન્સમાં રિન્યુ કરી શકાશે

રાજ્યના વાહન વ્યવહાર વિભાગે લાયસંસ અંગેના સારથી-૨ અને સારથી-૪ બંને સોફ્ટવેરમાં ફેરફાર કર્યા છે.જેથી નાગરિકો હવે પોતાના ડ્રાઈવિંગ લાયસંસ એક વર્ષ પહેલાં એડવાન્સ રીન્યુ કરી શકશે. અત્યારસુધીમાં મુદત પુર્ણ થયા બાદ રિન્યુ થતાં હતા.જને લઈને સત્વરે રીન્યુ ન થવાને કારણે લોકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી.જેથી હવે એક વર્ષ પહેલાં કોઈપણ સમયે રિન્યુ થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.ડ્રાઈવિંગ લાયસંસ અંદાજે ૧૦ વર્ષ બાદ રિન્યુ કરવાનું હોય છે.મુદત પુર્ણ થયાના એક મહિનાની વાર હોય ત્યારથી લોકો આરટીઓમાં ધક્કા ખાવાનુ ચાલુ કરી દે છે.જેને લઈને લોકોને મુશ્કેલીઓ ભોગવવી પડે છે.અને લાંબી કતારોમાં ઉભા રહેવુ પડે છે.નવા નિયમથી લોકોને રાહત મળી શકશે.

# બોગસ એન્કાઉન્ટર બદલ ભારતીય જવાનોને આજીવન કેદની સજા રદ કરવામાં આવી

માછીલમાં ૨૦૧૦માં ત્રણ કાશ્મીરી નાગરિકોને ઠાર મારતાં જનરલ કોર્ટે એક કર્નલ અને કેપ્ટન સહિત પાંચ સૈન્ય જવાનોને આજીવન કેદની સજા ફટકારી હતી.જેને સશસ્ત્ર દળના ટ્રિબ્યુનલે રદ કરી છે.જવાનોએ મેડલ અને રોકડ પુરસ્કાર માટે આ ત્રણેને વિદેશી આતંકવાદી તરીકે ખપાવી દીધા હતા જેને કારણે કોર્ટે માર્શલ હેઠળ સજા ફટકારી હતી.

અંકુશ રેખા નજીકના માછીલ સેકટરમાં સોના પીંડી ખાતે ૨૯ અને ૩૦મી એપ્રિલ ૨૦૧૦ની રાત્રે રાફિયાબાદના ત્રણ નાગરિકો શઝાદ ખાન(૨૭),શફા લોન(૧૯) અને રિયાઝ લોન(૨૦)ની કુપવાડાના કાલારુસ ખાતેની લશ્કરી છાવણી ખાતે લવાયા હતા. અને ત્યાં તેમને એક નકલી એન્કાઉન્ટરમાં ઠાર માર્યા હતા.લશ્કરે તે ત્રણેને વિદેશી આતંકવાદી લેખાવ્યા હતા. અને અંકુશ રેખા પર ઘુસણખોરી કરતાં માર્યા ગયાનું જણાવ્યુ હતું.તેમના મૃતદેહો એલઓસી નજીક દફનાવી દીધા હતા.જો કે આ ત્રણેયના પરિવારોએ તેમને રાફિયાબાદના ગુમ થયેલા યુવાનો હોવાની ઓળખ આપી હતી. તેમને નકલી એન્કાઉન્ટરમાં ઠાર મરાયાની વાતોથી કાશ્મીરમાં ઉગ્ર આંદોલન થયું હતું. સરકારે ઉચ્ચ સ્તરીય તપાસ પંચ નીમી તેને તપાસ કરવા માટે આદેશ કર્યો હતો.

લશ્કરે કોર્ટ માર્શલ પ્રક્રિયા હાથ ધરી હતી. તેના હેવાલ બાદ જવાનોને જન્મટીપની સજા થઈ હતી.એ બાદ આ જવાનોએ તેમની સજાને આર્મ્ડ ફોર્સીસ ટ્રિબ્યુનલમાં પડકારી હતી.ટ્રિબ્યુનલે આ કેસની તપાસ કરીને કડી મેળવ્યા બાદ પાંચે જવાનોને કોર્ટ માર્શલ હેઠળ ફટકારાયેલી સજા રદ કરી હતી.જો આ બાબતે હજુ વિવાદ ચાલી રહ્યો છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


જહોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ

બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

ડેન્માર્કમાં સાડાચાર ફુટ લાંબી એક ચુંગી છે.

પહેલી મોર્ડન ઓલિમ્પીક રમત ૧૮૯૬માં એથેન્સમાં યોજાઈ હતી.

અબરખ ધાતુનું સૌથી વધુ ઉત્પાદન ભારતમાં થાય છે

સેક્સી સ્ટાર ડેની મુરને સ્ટ્રીપ્ટીઝમાં કામ કરવા માટે છત્રીસ કરોડ રુપીયા મળેલા છે.

લોસ એંજલસની સ્ટાર હોલીવુડ રેસ્ટોરાંની મુતરડીઓમાં દરેક સ્ટેન્ડ પર ટીવી ગોઠવેલાં છે.


ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.